| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૩ / ૦૫ / ૨૦૨૫ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૩ / ૦૫ / ૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૧૬ / ૦૫ / ૨૦૨૫ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૩ |

## મે. મહેસાણાના બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.

**ફોજદારી પરચુરણ અરજ નં.૪૦૩/૨૦૨૫.**
આંક–૦૬.

અરજદારોઃ–

૧. **ઠાકોર અજીતકુમાર જસવંતજી,**
ઉ.વ.આ.– ૨૬, ધંધો.– મજુરી,
રહે. – અંબાવાડા,
ઠે.– ઠાકોરવાસ,
તા.– ખેરાલુ, જી.–મહેસાણા.

૨. **ઠાકોર નાગજીજી શંભુજી,**
ઉ.વ.આ.– ૩૬, ધંધો.– મજુરી,
રહે. – ડભોડા( સામંતપુરા),
તા.– ખેરાલુ, જી.–મહેસાણા.

**વિ રૂ દ્ધ**

સામાવાળાઃ– ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબતઃ–** – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા અરજ...

| | |
|---|---|
| અરજદારો તરફે વિદ્વાન વકીલ શ્રી | એસ. એ. પઠાણ. |
| સામાવાળા તરફે વિદ્વાન ડી. પી.પી. શ્રી | સી. બી. ચૌધરી. |

**––// ઠ રા વ //––**

(૧).. અરજદાર/આરોપીઓ તરફે સદર જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ નીચે દાખલ કરીને

વિસનગર શહેર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૭૫૨૪૦૮૯૦/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૧, ૩૧૬(૫), ૩૧૯(૨), ૩૧૮(૪), ૬૧(૨) ૨(૭), ૧૧૧ તથા આઇ. ટી. એક્ટની કલમ–૬૬(ડી) મુજબની ફરિયાદ તા.૦૧–૧૦–૨૦૨૪ ના રોજ ફરિયાદીએ દાખલ કરેલ છે આ કામે તપાસ કરનાર અમલદારે અરજદાર/આરોપી નંબર–૦૧નાને તા.૦૭–૦૫–૨૦૨૫ ના રોજ અટક કરી તા.૦૮–૦૫–૨૦૨૫ ના રોજ અરજદારને નામદાર કૉર્ટમાં રજુ કરેલા તેમજ અરજદાર નંબર–૦૨ને તા.૦૮–૦૫–૨૦૨૫ ના રોજ અટક કરી નામદાર કૉર્ટ સમક્ષ તા.૦૯–૦૫–૨૦૨૫ ના રોજ રજુ કરેલા અને નામદાર કૉર્ટે અરજદારોને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મુકવાનો હુકમ કરેલ હોય ત્યારથી અરજદાર/આરોપીઓ જ્યુડીશ્યલ કસ્ચટડીમાં છે.

વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ પુર્ણ કરી નામદાર કૉર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ અને જેનો ક્રીમીનલ કેસ નંબર–૨૯૮૬/૨૦૨૪ નો પડેલ છે તેમજ પુરવણી ચાર્જશીટનો કેસ નંબર–૪૦૩/૨૦૨૫ નો પડેલ હોય અને અરજદાર/આરોપીઓ જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય જેથી અરજદાર/આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન મેળવવા કરેલી છે.

(૨).. અરજદાર/આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી પઠાણને સાંભળ્યા તેઓએ મુખ્યત્વે જામીન અરજી મંજુર કરવા જણાવેલ છે. અરજદાર/આરોપીઓ તદ્દન નિર્દોષ છે. કહેવાતો કોઇ ગુનો કરેલ નથી કે તેમ છતાં ખોટી રીતે તેમને સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપીઓએ ગુનામાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલ નથી કે કોઇપણ પ્રકારના ખોટા બનાવટી ડમી કાર્ડનો ગુનામાં ઉપયોગ કરેલ નથી કે કોઇ ખોટું નામ ધારણ કરેલ નથી. અરજદાર/આરોપીઓ મજુરી વર્ગના અને

યુવાન વયના વ્યક્તિઓ છે. તેમજ તેમણે કોઈ પણ વ્યક્તિને વિશ્વાસમાં લઈ લાલચ આપી કોઈ નાણા શેરબજારમાં રોકવા માટે મજબુર કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીઓએ કોઈપણ જાતનો આર્થીક લાભ મેળવેલ નથી. આમ જો અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુક્ત ન કરવામાં આવે તો અરજદાર/આરોપીઓનું કુટુંબ ભુખે મરે તેમ છે. તેમજ અરજદાર/આરોપીઓ ઉપરોક્ત સરનામે રહેતા હોય ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપીઓને જામીન પર મુક્ત કરવામાં આવશે તો તેઓ નામદાર કૉર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તેઓ તૈયાર છે અને નામદાર કૉર્ટ ફરમાવે તેવી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીઓએ કોઈ પણ પ્રકારની ખોટી ઓળખાણ આપી ફરિયાદી કે અન્ય સાહેદો સાથે છેતરપીંડી કે વિશ્વાસઘાત કરી આર્થીક લાભ મેળવેલ નથી. અરજદાર/આરોપી તરફે આંક–૦૩ ના લીસ્ટથી જુદા જુદા દસ્તાવેજો રજુ કરેલા છે જેમાં નિશાન–૦૩/૦૧થી એફ.આઈ.આર.ની નકલ તેમજ નિશાની –૦૩/૦૨થી ચાર્જશીટની નકલ તથા અન્ય હુકમોની નકલો રજુ કરેલ છે.

વધુમાં આરોપીના વિદ્વાન વકીલ શ્રી પઠાણની રજુઆત છે કે, નામદાર હાઈકૉર્ટે આ કામના અન્ય સહ આરોપી, ઠાકોર દીપકજી ગાંડાજીને R/Criminal Misc Application (For Successive Regular Bail After Chargesheet)No. 1122/2025, Da. 22–01–2025ના રોજ તથા અન્ય સહ આરોપી ઠાકોર ભરતજી લક્ષ્મણજીને R/Criminal Misc Application (For Successive Regular Bail After Chargesheet)No. 7817/2025, Da. 21–04–2025ના રોજ જામીન મુક્ત કરેલ હોય હાલના અરજદાર/આરોપીઓને પરીટીનો લાભ આપી જામીન મુક્ત કરવા વિનંતી કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ પુર્ણ કરી નામદાર કૉર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ અને જેનો ક્રીમીનલ કેસ નંબર–૨૯૮૬/૨૦૨૪ નો પડેલ છે તેમજ પુરવણી ચાર્જશીટનો કેસ નંબર–૪૦૩/૨૦૨૫ નો પડેલ હોય અને હવે અરજદાર/આરોપીઓની તપાસના કામે કોઈ જરૂરિયાત ન હોય અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે.

(૩).. ઉપરોક્ત હકીકત તળે સરકારશ્રીને નોટીસ કરતાં જેના અનુસંધાને સરકારશ્રી તરફથી વિદ્વાન એડી. પી. પી. શ્રી સી. બી. ચૌધરીનાઓ હાજર થયેલા છે અને આંક–૦૫થી તપાસ કરનાર અમલદારશ્રીએ સોગંદનામું રજુ કરેલ છે. શ્રી ચૌધરીએ ભારપુર્વક એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપીઓએ ભેગા મળી સ્ટોક માર્કેટનું કોઇપણ પ્રકારના લાયસન્સ વગર શેરબજારના માર્કેટના રેન્ડમ મેળવી જેની નકલો પ્રીન્ટર તથા ઝેરોક્ષ મશીનમાં કાઢી પોતાની પાસેના અલગ અલગ મોબાઇલ ફોનથી અલગ અલગ મોબાઇલ ફોનથી લોકોના કોન્ટેક નંબરનું લીસ્ટ મેળવી કોલ કરી ખોટી કંપનીનું નામ ધારણ કરી પોતાને ઓનલાઇન સ્ટોક માર્કેટમાં પોતે એજન્ટ તરીકેની ઓળખ આપી લોકોને વિશ્વાસમાં લઈ કાવતરૂ રચી શેરબજારના ભાવની વધઘટ જોઈ શેરબજારમાં વધુ નાણા કમાઇ આપવાની ગ્રાહકોને લોભામણી લાલચ આપી છેતરપીંડી કરી મોબાઇલ નંગ–૦૭ કીંમત રૂ.૩૫,૧૦૦/– તથા ચાર્જર નંગ–૦૩ કીંમત રૂ.૧૫૦/– તથા કોમ્પ્યુટર Comsistent લખેલ મોનીટર ડેલ કંપીનીનું સીપીયુ તેમજ કી બોર્ડ તેમજ માઉસ મળી રૂ.૨૮,૦૦૦/– તથા Konica Minolta કંપનીનું Bizhub 205i લખેલ કાળા કલરનું મોટું પ્રિન્ટર તથા ઝેરોક્ષ મશીન કીંમત રૂ.૪૪,૦૦૦/– તથા kokocopy paper A4 સાઇઝના ઝેરોક્ષના કાગળોના રીમ નંગ–૧૩ કીંમત રૂ.૨,૬૦૦ તથા રૂ.૧૦/–ની કીંમત રૂ.૦૦–૦૦ તથા પીળા કલરની બે બોલપેન તથા એક પેન્સીલ કીંમત રૂ.૦૦–૦૦ તથા નોકીયા ૧૦૫ કલાસીક કી પેડ મોબાઇલના ખાલી બોક્ષ નંગ–૨૦ કીંમત રૂ.૦૦–૦૦ તથા માર્ક–બી

આપેલ ડોક્યુમેન્ટ કીંમત રૂ.૦૦–૦૦ તથા માર્ક–ડી પીળા કલરની ફાઈલના તમામ ડૉક્યુમેન્ટ કીંમત રૂ.૦૦–૦૦ તથા સફેદ કલરની થેલીમાંથી મળી આવેલ ચેકબુકો તથા આર. સી. બુક તથા પાનકાર્ડ તથા ડ્રાઈવીંગ લાયસન્સ તથા આધારકાર્ડ તથા વિ. આઇ. કંપનીના સીમકાર્ડ નંગ–૦૭ જે તમામની કીંમત રૂ, ૦૦–૦૦ મળી કુલ રૂ.૧,૧૦,૯૧૦/– ના મુદ્દામાલ સાથે આરોપી ઠાકોર દિપકજી ગાંડાજી સ્થળ ઉપરથી પકડાઇ જઇ મળી આવેલ તેમજ આરોપી ઠાકોર સેંધાજી જેસંગજી તથા પટેલ રાજકુમાર શૈલેષભાઇ હાજર નહી મળી આવી ગુન્હો કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે,અરજદાર/આરોપીઓને જામીન મુક્ત કરવામાં આવે તો ગુનો કરવાળાને પ્રોત્સાહન મળી રહે તેવી પુરેપુરી શક્યતા રહેલ છે તેમજ ફરીવાર આવા પ્રકારના ગુના આચરશે તેમજ સાહેદોના દામ દંડ ભેદ નીતીથી ફોડી નાખી પુરાવા સાથે ચેડાં કરીને કેસને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે. વધુમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ પોતાના આર્થીક ફાયદા સારૂ ફરિયાદી તથા અન્ય સાહેદો પાસેથી મોટી બધી માતબર રકમની ઠગાઈ કરેલાનું રેકર્ડ પરથી જણાઇ આવે છે. તે તમામ સંજોગો ધ્યાને લઇ અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજ નામંજુર કરવા રજુઆત કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના અન્ય આરોપી સામે ચાર્જશીટ રજુ થવા માત્રથી કોઇ નવા સંજોગો કે સજાની જોગવાઇમાં કે ગુનાની ગંભીરતામાં કોઇપણ જાતનો ફેરફાર કે બદવાલ થઇ જતો નથી.

વધુમાં જણાવેલ છે કે, આ કામના અન્ય સહ આરોપીઓની ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૬૭૫/૨૦૨૪ તથા ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૮૫૦/૨૦૨૪ તથા ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૫૭/૨૦૨૫ તથા હાલના અરજદારની અગાઉની ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૧૦૫/૨૦૨૪ ની તથા ક્રીમીનલ

પરચુરણ અરજ નંબર–૨૫૦/૨૦૨૫ ની જામીન અરજીઓ નામંજુર કરવામાં આવેલ હોય હાલના અરજદાર/આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪).. બંન્ને પક્ષોના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા બાદ મારી સમક્ષ રજુ થયેલ જામીન અરજી તથા એફ. આઇ. તથા કેસ પેપર્સ તેમજ ચાર્જશીટના પેપર્સ વંચાણે લીધા.

(૫).. બંન્ને પક્ષકારો તરફેની સમગ્ર રજુઆત તથા તેમજ અરજદાર/આરોપીઓએ તથા સહ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૧, ૩૧૬(૫), ૩૧૯(૨), ૩૧૮(૪), ૬૧(૨) ૨(૭), તથા આઇ. ટી. એક્ટની કલમ–૬૬(ડી) મુજબનો ગંભીર પ્રકારનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૬).. સદર અરજદાર/આરોપીઓ સામે તપાસ કરનાર અમલદારે તપાસ પુર્ણ કરી ચાર્જશીટ કરેલ છે જેથી સદર અરજદાર/આરોપીઓને જામીન મુક્ત કરવાથી તપાસ પ્રભાવીત થાય તેમ જણાતું નથી. જે આરોપીઓનો ગુનાનો રોલ ધ્યાને લેતાં તથા સદર ગુનાના કામે નામદાર વડી અદાલતે આ કામના અન્ય આરોપી, ઠાકોર દીપકજી ગાંડાજીને R/Criminal Misc Application (For Successive Regular Bail After Chargesheet)No. 1122/2025, Da. 22–01–2025 ના રોજ તથા અન્ય સહ આરોપી ઠાકોર ભરતજી લક્ષ્મણજીને R/Criminal Misc Application (For Successive Regular Bail After Chargesheet)No. 7817/2025, Da. 21–04–2025 ના રોજ જામીન મુક્ત કરેલ છે. તેમજ અરજદાર/આરોપીઓ સામે ચાર્જશીટ થઇ ગયેલ હોય અને તે આરોપીઓનો રોલ અને હાલના અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીને નામદાર વડી અદાલતનો ચુકાદો રમેશભાઇ બટુકભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં

પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લઈ સદર અરજદાર/આરોપીઓને લો ઓફ પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુક્ત કરવો યોગ્ય જણાય છે.

(૭).. વધુમાં હાલના અરજદાર/આરોપીની ગુનામાં ભુમીકા ધ્યાને લઈને તથા નામદાર સુપ્રીમ કૉર્ટનો ચુકાદો સંજય ચંન્દ્રા વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇનવેસ્ટીગેશન (૨૦૧૨) ૧ એસસીસી–૪૦ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ જામીન આપવા અંગેના સિધ્ધાંતો ધ્યાને લઈને તથા અરજદાર/આરોપીઓ સ્થાનીક રહીશ હોય જામીન મુક્ત કરવામાં આવે તો તેમની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનીશ્ચીત જણાય છે. આમ ઉપરોક્ત ચર્ચા કરેલ સમગ્ર હકીકતો ધ્યાને લઈ ને અરજદાર/આરોપીઓની તરફેણમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી જામીન મુક્ત કરવા આ અદાલતને ન્યાયોચિત જણાય છે. જેથી, અરજદાર/આરોપીઓની હાલની રેગ્યુલર જામીન મેળવવાની અરજી તળે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## // હુકમ //

**(૧)..** પ્રસ્તુત કામના અરજદાર/આરોપી નંબર–૦૧, **ઠાકોર અજીતકુમાર જસવંતજી,** ઉ.વ.આ.– ૨૬, ધંધો.– મજુરી, રહે. – અંબાવાડા, ઠે.– ઠાકોરવાસ, તા.– ખેરાલુ, જી.–મહેસાણા. તથા આરોપી નંબર–૦૨, **ઠાકોર નાગજીજી શંભુજી,** ઉ.વ.આ.– ૩૬, ધંધો.– મજુરી, રહે. – ડભોડા( સામંતપુરા),તા.– ખેરાલુ, જી.–મહેસાણાવાળાઓની વિસનગર શહેર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૭૫૨૪૦૮૯૦/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૧, ૩૧૬(૫), ૩૧૯(૨), ૩૧૮(૪), ૬૧(૨) ૨(૭), ૧૧૧ તથા આઇ. ટી. એક્ટની કલમ–૬૬(ડી) મુજબના ગુન્હાના કામે પ્રત્યેક આરોપીને રૂ. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરેથી નીચેની શરતોની આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ–</u>**

**(૧)** અરજદાર/આરોપીઓએ પોતાના ઓળખ અંગેના તથા હાલના તેમજ કાયમી સરનામા અંગેના દસ્તાવેજી પુરાવા જામીન આપતી વખતે રજુ કરવાના રહેશે તથા અદાલતની પુર્વ પરવાનગી સિવાય સરનામું બદલવું નહી.

**(૨)** અરજદાર/આરોપીઓએ આવા પ્રકારના કે બીજો કોઇપણ પ્રકારના ગુન્હા કરવા નહી કે આચરવા નહિ.

**(૩)** અરજદાર/આરોપીઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક ધમકી આપી અથવા તો પ્રલોભનો આપી અથવા તો કોઇપણ રીતે ફરિયાદપક્ષના સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરવો નહી તથા ટ્રાયલ પુરી થતાં સુધી નિયમીતપણે કૉર્ટમાં હાજર રહેવાનું રહેશે.

**(૪)** અરજદાર/આરોપીઓના કોઇપણ શરતનો ભંગ કરશે તો ટ્રાયલ કૉર્ટ જરૂરી કાર્યવાહી કરી શકશે.

– અરજદાર/આરોપીઓએ જામીન નીચેની કૉર્ટમાં આપવાના રહેશે અને તે અંગેની જરૂરી યાદી કૉર્ટ તથા જે તે પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૬મી માહે મે, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૬/૦૫/૨૦૨૫.
સ્થળ – વિસનગર.

**(નાસીર સૈયદુલ્લા સિદ્દિકી)**
Code No.GJ–00650
બીજા એડીશનલ સેશન્સ જજ, મહેસાણા,
મુ.વિસનગર.

પી.એસ., મહેશ જી. રાવલ.